# અંતે અડવાણી રાજીનામું પરત ખેંચવા રાજી

નવી દિલ્હી,તા. ૧૧

ભાજપના વરિષ્ઠનેતા એલકે અડવાણીના પક્ષના તમામ હોદ્દાઓ પરથી રાજીનામુ આપ્યા બાદ ભાજપમાં ઉભી થયેલી કટોકટી આજે આખરે ઉકેલાઈ ગઈ હતી. અડવાણીએ તમામ હોદ્દાઓ પરથી પોતાના રાજીનામા પાછા ખેંચી લીધા હતા. અડવાણીએ તમામ હોદ્દાઓ પરથી પોતાના રાજીનામા પાછા ખેંચી લીધા હતા. ભાજપ પ્રમુખ રાજનાથસિંહની જાહેરાત બાદ અડવાણીએ રાજીનામુ પરત લીધુ હતુ. અડવાણીએ ૩૧ કલાક બાદ રાજીનામુ પરત લીધુ છે. આની સાથે જ ભાજપમાં પણ રાહત થઈ હતી. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાંપત્રકાર પરિષદને સંબોધતા ભાજપ પ્રમુખ રાજનાથસિંહેકહ્યુ હતુ કે અડવાણી પક્ષના નિર્ણયને સ્વીકારવા તૈયાર થઈ ગયા છે અને પોતાનું રાજીનામુ પાછુ ખેંચી લીધુ છે. તેમણે ઉમેર્યુ હતુ કે અડવાણી પક્ષની કામ કરવાની રીતને લઈને ચિંતિત હતા. રાજનાથસિંહના હાલના જ નિવેદનના કારણેભારે હોબાળો મચી ગયો હતો. દરમિયાન આ ઘટનાક્રમ અંગે પ્રતિક્રિયા આપતા ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યુ હતુ કે અડવાણીના નિર્ણયનું અમે સ્વાગત કરીએ છીએ. અડવાણીએ ગઈકાલે ભાજપના તમામ હોદ્દાઓ પરથી રાજીનામુ આપી દીધુ હતુ. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણી માટે પક્ષની ચૂંટણી પ્રચાર સમિતિના વડા તરીકે બનાવવામાં આવતા આ હોબાળો મચી ગયો હતો. મોદીને પક્ષની પ્રચાર સમિતિના વડા બનાવવામાં આવ્યા બાદ નારાજગી વ્યક્ત કરીને અડવાણીએ તમામ હોદ્દા પરથી રાજીનામુ આપ્યુ હતુ. રાજનાથસિંહને લખવામાં આવેલા પત્રમાં અડવાણીએ કહ્યુ હતુ કે તેઓ રાષ્ટ્રીય કારોબારી, સંસદીય બોર્ડ અને ચૂંટણી સમિતિમાંથી રાજીનામુ આપી રહ્યા છે. પક્ષના નેતાઓ તેમની અંગતનીતિ પર આગળ વધી રહ્યા છે. જો કે રાજનાથસિંહે કહ્યુ



હતુ કે નરેન્દ્ર મોદની ચૂંટણી પ્રચાર સમિતિના વડા તરીકે યથાવત રહેશે. આમાં કોઈ ફેરફાર કરવામાંઆવશે નહીં. જો કે આજના ઘટનાક્રમથી ભાજપમાં રાહતનું મોજુ ફરી વળ્યુ છે. રાજનાથસિંહે કહ્યુ હતુકે આરએસએસ તરફથી કોઈ પણપ્રકારનું દબાણનથી. રાજનાથ સિંહે કહ્યુ હતુ કે પક્ષ પર કોઈ પણપ્રકારનું દબાણ ન હતુ. મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યુ હતુ કે અડવાણીના રાજીનામા બાદ આરએસએસ તરફથી ભાજપ ઉપર દબાણ વધી રહ્યુ છે. રાજનાથસિંહે એમ પણ કહ્યુ હતુ કે વ્યાપક સહમતિ બાદ નરેન્દ્ર મોદીને ચૂંટણી પ્રચાર સમિતિની જવાબદારી સોંપવામાં આવી હતી. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આ ઘટનાક્રમનુંસ્વાગત કર્યુ હતુ. અડવાણીના આવાસ પર ભાજપના વરિષ્ઠનેતાઓની બેઠક યોજાઈ હતી. આરએસએસના પ્રમુખ મોહનભાગવત સાથે પણ વાતચીત કરવામાંઆવી હતી.

**નિર્ધારિત સમય કરતા એક સપ્તાહ પહેલાં એન્ટ્રી**

## પશ્ચિમ અને મધ્ય ભારતમાં ૨૨ સુધી મોનસૂનની એન્ટ્રી

નવી દિલ્હી,તા. ૧૧

મોનસૂનની દેશના ઘણા ભાગોમાં એન્ટ્રી થઈ ચૂકી છે. હવામાન વિભાગે હવે આગાહી કરી છે કે દિલ્હી સહિત પશ્ચિમ અને મધ્ય ભારતને મોનસૂન આશરે એક સપ્તાહમાં આવરી લે તેવી શક્યતા દેખાઈ રહી છે. આનો મતલબ એ થયો કે સામાન્ય રીતે મોનસૂન અથવા ચોમાસું બેસી જવાની જે તારીખ હોય છે તેના એક સપ્તાહ પહેલા જ મોનસૂનની એન્ટ્રી થઈ જશે. પશ્ચિમ અને મધ્ય ભારતમાં સામાન્ય રીતે ચોમાસું બેસી જવાની તારીખ ૨૯મી જૂન છે પરંતુ આ વખતે ૨૨મી જૂન સુધી મોનસૂનની એન્ટ્રી થઈ જાય તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

અગાઉની સરખામણીમાં આ વખતે પહેલા ઉત્તર પશ્ચિમ ભારતમાં મોનસૂનની શરૂઆત થશે. હાલમાં જે સ્થિતિ સર્જાઈ છે તે જોતા વહેલી તકે મોનસૂનની શક્યતા દેખાઈ રહી છે. મોનસૂનની સ્થિતિ સંતોષજનક રીતે આગળ વધી રહી છે અને પશ્ચિમી પટ્ટાને તથા પૂર્વીય પટ્ટાને આવરી લેવાની તૈયારીમાં છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે ઉત્તર પશ્ચિમ ભારતના મેદાની ભાગોમાં પણ આ વખતે વહેલી તકે વરસાદની એન્ટ્રી થનાર છે. આઈએમડીના ડિરેક્ટર જનરલ એલએસ રાઠોડે કહ્યું છે કે મોનસૂનને લઈને પહેલાથી જ તૈયારી કરી લેવામાં આવી છે. એશિયન મોનસૂનની સ્થિતિ હવે સંતોષજનક દેખાઈ રહી છે. અધિકારીઓનું કહેવું છે કે હાલમાં જે સ્થિતિ છે તે જોતા દિલ્હી સહિતના ભાગોમાં મોનસૂનની આ સપ્તાહમાં જ એન્ટ્રી થઈ જશે. આગામી દિવસોમાં ભારે વરસાદ પડવાની વાત પણ કરવામાં આવી છે. રવિવાર સુધી પવનો તીવ્ર રીતે ફૂંકાઈ રહ્યા હતા.

વરસાદની શરૂઆત થતા તાપમાનમાં ઘટાડો થયો છે. રાજસ્થાન સહિત દેશના ઘણા ભાગોમાં મોનસૂન પહેલા વરસાદી ઝાંપટા પડી રહ્યા છે.

## અંકુશ રેખા ઉપર પાકિસ્તાન દ્વારા ફરી એકવાર ગોળીબાર

જમ્મુ,તા. ૧૧

જમ્મુ કાશ્મીરના પુંચ જિલ્લામાં અંકુશ રેખા પર ભારતીય ચોકી પર પાકિસ્તાની સૈનિકોએ ફરી એકવાર ગોળીબાર કર્યો છે. છેલ્લા ચાર દિવસની અંદર જ યુદ્ધવિરામનો પાકિસ્તાન દ્વારા ફરી એકવાર યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવ્યો છે. પાકિસ્તાની સૈનિકોએ પુંચના ક્રિષ્ણાઘાટી પેટા સેક્ટરમાં અંકુશ રેખા પર નાંગીટીકરી અગ્રિમ વિસ્તારમાં ભારતીય ચોકી પર ગોળીબાર કર્યોહતો જેના કારણે ભારે તંગદિલી ફેલાઈ ગઈ હતી. ડિફેન્સ પીઆરઓ એસએન આચાર્ય દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી હતી. પાકિસ્તાની સૈનિકોએ આશરે અડધો કલાક સુધી ગોળીબાર કર્યો હતો. સરહદ પર ફરજ બજાવતા ભારતીય જવાનોએ આનો કોઈ જવાબ આપ્યો ન હતો. આચાર્યએ કહ્યુ હતુકે પાકિસ્તાન દ્વારા કરાયેલા ગોળીબારમાં કોઈને પણ ઈજા થઈ નથી. સૈનિકો સરહદ પર ખુબ સાવધાન બનેલા છે. પેટ્રોલિંગની પ્રવૃત્તિ ખુબજ તીવ્ર બનાવી દેવામાં આવી છે. સરહદ પારથી ઘૂસણખોરીના પ્રયાસમાં વધારો થઈ



શકે છે તેવા અહેવાલ આવ્યા બાદ પેટ્રોલિંગની પ્રવૃત્તિ વધારી દેવામાં આવી છે. સાતમી જૂનના દિવસે પાકિસ્તાને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો જેમાં પૂંચ સેક્ટરમાં અંકુશરેખા પર ગોળીબારમાં જેસીઓનું મોત થયુ હતુ. અતિ આધુનિક હથિયારો અને રોકેટ સાથે આ હુમલો કરવામાં આવ્યો હતો. સાતમી જૂનના દિવસે જમ્મુ કાશ્મીરના પુંચ જિલ્લામાં પાકિસ્તાની સેનાએ યુદ્ધ વિરામનો ભંગ કરીને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. સાતમીએ પાકિસ્તાની સૈનિકોએ પુંચના ફોજીયાન સેક્ટરમાં અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો જેમાં એક ભારતીય જુનિયર કમિસન્ડ ઓફિસર અથવા તો જેસીઓ શહિદ થયા હતા. પાકિસ્તાન વડાપ્રધાન તરીકે નવાઝ શરીફે સત્તા સંભાળી લીધા બાદ બે દિવસ બાદ જ આ ગોળીબાર કરવામાં આવ્યો હતો. નવાઝ શરીફે ચૂંટણી પ્રચાર દરમિયાન સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે ભારત સાથેના સંબંધોને વધુ મજબુત કરવાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવશે. આ બનાવ બાદ ભારતીય સેનાએ આને લઈને જોરદાર વાંધો ઉઠાવ્યો છે. ભારે ગોળીબારથી સમગ્ર વિસ્તારમાં તંગદિલી ફેલાઈ ગઈ હતી. સરહદી વિસ્તારમાં યુદ્ધવિરામના ભંગ બાદ ભારતીય સૈનિકોએ પણ મોરચા સંભાળી લીધા હતા. ગયા સપ્તાહમાં જ પાકિસ્તાનના સૈનિકોએ રાજ્યના નવ ગામ પ્રદેશમાં યુદ્ધવિરામનો ખુલ્લો ભંગ કર્યો હતો અને ભારતીય ચોકીઓ પર ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાન દ્વારા છેલ્લા ચાર દિવસની અંદર યુદ્ધવિરામનો બીજી વખત ભંગ કરવામાં આવતા આને લઈને ભારતીય જવાનો પણ ભારે નારાજ દેખાઈ રહ્યા છે.

## BCCI કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીની પૂછપરછ કરી શકે

નવી દિલ્હી,તા. ૧૧

ભારતીય કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીને પણ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ કેટલાક વેધક પ્રશ્નો કરીને તેની મુશ્કેલી વધે તેવી શક્યતા દેખાઈ રહી છે. વિશ્વસનીય સૂત્રોએ કહ્યું છે કે એક વખતે ભારતીય ક્રિકેટ ટીમ ચેમ્પીયન્સ ટ્રોફીમાંથી પરત ફર્યા બાદ ધોનીને પ્રશ્નો કરવામાં આવશે.

મહેન્દ્રસિંહ ધોનીની જુદી જુદી કંપનીઓમાં તેની હિસ્સેદારી વધારવાના મુદ્દા ઉપર બીસીસીઆઈ પ્રશ્નો કરે તેવી શક્યતા છે. ધોનીએ જુદી જુદી કંપનીઓમાં કેટલી હિસ્સેદારી કઈ રીતે મેળવી છે તે અંગે પણ



પ્રસ્નો કરવામાં આવશે. બોર્ડના વચગાળાના પ્રમુખ જગમોહના દાલમીયાનું કહેવું છે કે ક્રિકેટ બોર્ડ ધોની સામે કરવામાં આવેલા આક્ષેપોમાં ઊંડી તપાસ કરશે. દાલમીયા નવી દિલ્હીમાં તાકીદની કારોબારી સમીટિની બેઠક બાદ કહ્યું હતું કે અમે હાલમાં કોઈપણ ખલેલ પહોંચાડવા ઈચ્છતા નથી. ધોનીના મુદ્દાની નોંધ લેવામાં આવી છે. છતાં પ્રશ્નો ચોક્કસપણે કરવામાં આવશે.

સત્તાવાર રીતે મામલામાં તપાસ થશે. એવું પણ જાણવા મળ્યું છે કે ધોનીના મુદ્દે ક્રિકેટ બોર્ડના અધિકારીઓ વિભાજિત છે પરંતુ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવનાર છે. બીસીસીઆઈએ એવું સૂચન પણ કર્યું છે કે તમામ આઈપીએલ ક્રિકેટરોએ તેમની નાણાંકીય લેવડ દેવડની વિગતો વહેચવી જોઈએ જેમાં બેંક ખાતાઓની વિગતો અને કમાણીના સોર્સની માહિતી આપવામાં આવે તે જરૂરી છે. આઈપીએલની શરૂઆત પહેલા એક મહિના અગાઉ તમામ ક્રિકેટરોએ તેમના મોબાઈલ નંબર પણ આપવા જોઈએ. જો કોઈ ખેલાડી કોઈ બાબત છૂપાવવા ઈચ્છુક નથી તો ખેલાડીઓને શા માટે કોઈપણ પ્રકારની તકલીફ થવી જોઈએ.

## મુંબઈમાં ઈમારત દુર્ઘટનામાં મૃતાંક વધવાની હજુ દહેશત

મુંબઈ,તા. ૧૧

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈના માહિમમાં



ઈમારત ધારાશાયી થઈ જવાની ઘટનામાં મોતનો આંકડો વધીને આજે ચાર ઉપર પહોંચ્યો હતો. વરસાદના કારણે આ ઈમારત ધારાશાયી થઈ ગઈ હોવાનું બહાર આવ્યું છે. હજુ પણ મોટી સંખ્યામાં લોકો ઈમારતના કાટમાળ હેઠળ ફસાયેલા હોવાનું જાણવા મળ્યું છે જેથી મોતનો આંકડો વધે તેવી શક્યતા છે. પાંચ માળની આ ઈમારત માહિમમાં આવેલી છે. વર્ષ ૨૦૧૩ની મોનસૂનના ગાળાની આ પ્રથમ ઘટના બનતા તંત્રમાં પણ ખળભળાટ મચી ગયો હતો. વહીવટી તંત્ર દ્વારા વરસાદના દિવસોમાં આવી કોઈ અન્ય ઘટના ન બને તે માટે પણ હવે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે અને જૂની ઈમારતોની ચકાસણી શરૂ થઈ છે. ફાયરબ્રિગેડના અધિકારીઓ બચાવ અને રાહત કામગીરીમાં હજુ પણ લાગેલા છે. મોતનો આંકડો ઉપર જઈ શકે છે. બચાવ ટીમ ઝડપથી કામગીરીમાં લાગેલી છે. આ ઈમારતનું નામ અલ્ટાફ મેન્સન છે. જે એક દશક જૂની ખાનગી નિવાસી બિલ્ડીંગ છે જે માહિમમાં મકદૂમ શાહ દરગાહ નજીક કાડેલ રોડ ઉપર આવેલી છે. ગ્રાઉન્ડ ફ્લોર ઉપર અન્ય કેટલીક પેઢીઓ પણ આવેલી છે. ઈમારતનો ઉત્તર પૂર્વીય ભાગ ધારાશાયી થઈ ગયો હતો.

નિવાસીઓનું કહેવુંછે કે ઈમારતના નિવાસી ફ્લેટ પૈકીના અડધો હિસ્સો ગઈકાલે રાત્રે ધારાશાયી થઈ ગયો હતો. કેટલાક લોકોને છેલ્લા અહેવાલ મળ્યા ત્યાં સુધી કાઢી લેવામાં આવ્યા હતા. કાટમાળ હેઠળ હજુ પણ છે જેથી મોતનો આંકડો ઉપર જઈ શકે છે. કેટલાક લોકો કાટમાળ હેઠળ ફસાયેલા છે તે અંગે હજુ જાણી શકાયું નથી. કાટમાળ હેઠળથી કાઢવામાં આવેલા છ ઘાયલ થયેલા લોકો પૈકી એકનું ભાભા હોસ્પિટલમાં મોત થયું છે. અન્યોને જુદી જુદી હોસ્પિટલમાં લઈ જવાયા છે. ફાયરબ્રિગેડના અધિકારીઓ ડઝનથી વધુ ફાયર એન્જિનો સાથે ઘટના સ્થળ ઉપર છે.

બે બચાવ ટીમ અને મોટી મશીનરીઓ પણ ખસેડવામાં આવી છે. ભારે વરસાદ અને ટોળાના કારણે અડચણો આવી રહી છે. જાણીતા વકીલ રિઝવાન મર્ચન્ટ આ ઈમારતમાં પોતાના ફ્લેટ ધરાવે છે. રિઝવાન હાલમાં સંજય દત્તનો કેસ લડી રહ્યા છે.

## ઈરાક બૉમ્બ વિસ્ફોટમાં મૃતાંક ૭૦ ઉપર પહોંચ્યો

બગદાદ,તા.૧૧

ઈરાકના પૂર્વ અને ઉત્તરી વિસ્તારમાં થયેલાં બોમ્બ વિસ્ફોટ અને હુમલાઓમાં ઓછામાં ઓછા ૭૦ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. ઈરાકી અધિકારીઓના જણાવ્યા મુજબ ગઈકાલ સવારે પહેલાં દયાલહ રાજ્યનાં શિયા બહુમતી ધરાવતા શહેરમાં બે બૉમ્બ વિસ્ફોટ થયા અને આત્મઘાતી હુમલા થયા હતાં જેમાં ૧૩ લોકોનાં મોત અને ૫૦ લોકો ઘાયલ થયા હતાં. ત્યારબાદ સુન્ની બહુમતી ધરાવતા શહેર મૌસુલમાં સુરક્ષા ચોકીઓની પાસે થયેલ વિસ્ફોટમાં ઓછામાં ઓછાં ૨૪ લોકોએ જીવ ગુમાવ્યો હતો. આ ઉપરાંત અન્ય સ્થળોએ થયેલાં હુમલામાંપણ ડઝનથી વધુલોકો મોતન શરણ થયા હતાં. ઈરાકમાં ફરી એકવાર હિંસાનો દોર ચાલુ થયો છે. મોટી સંખ્યામાં સાંપ્રદાયિક હિંસા થઈ રહી છે. સંયુક્તરાષ્ટ્ર અનુસાર જુન ૨૦૦૮માં અન્ય ત્યારપછી આ વર્ષનો છેલ્લો મહિનો ઈરાકનો લોહિયાળ સાબિત થયો છે. હોસ્પિટલોમાં ઘાયલો સારવાર લઈ રહ્યા છે.

## રાષ્ટ્રીય મહિલા ખેલાડીએ ૪ ખેલાડી પર હુમલો કર્યો

લખનૌ ,તા.૧૧

**ઉત્તર પ્રદેશનાં ઝાંસીના કોટવાલી પોલીસ ક્ષેત્રના ખંડેરાવગેટ પાસે ગઈકાલ સવારે જુનિયર મહિલા ટીમની રાષ્ટ્રીય હોકી ખેલાડીએ ખૂની ખેલ ખેલી નાંખતાં રમત-ગમત ક્ષેત્રે હડકંપ મચી ગયો હતો.**

**ત્રણ સાથી મિત્રો સાથે મળીને હોકી સમરકેમ્પમાં ભાગ લઈ રહેલાં ચાર ખેલાડી પર ચાકુ અને ધારદાર હથિયાર વડે મહિલા ખેલાડીએ હુમલો કર્યો હતો. મેડિકલ કોલેજમાં સારવાર અર્થે ભરતી કરાયેલા એક ખેલાડીની સ્થિતિ અતિગંભીર જણાવવામાં આવી રહી છે. પોલીસે આરોપી ખેલાડી અને તેનાં સાથીઓ વિરુદ્ધ હત્યાનાં પ્રયાસ હેઠળની કલમ અંતર્ગત ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. શ્રીલક્ષ્મી વ્યાયામ મંદિરના ગ્રાઉન્ડમાં હોકી સમરકેમ્પ ચાલી રહ્યો હતો જેમાં હોકીની રમત શીખવા માટે રાષ્ટ્રીય ખેલાડીઓની સાથે સાથે સ્કુલના ખેલાડીઓ પણ ભાગ લઈ રહ્યા હતાં. સલમાબાનુ નામની એક ખેલાડીએ ચાકુ અને અન્ય ધારદાર હથિયાર વડે સલીમુદ્દીન સહિત અન્ય ત્રણ ખેલાડી પર હુમલો કર્યો હતો. કોચિંગ ગ્રાઉન્ડ પર થયેલી સામાન્ય તકરારે લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. સલમાએ કરેલાં હુમલા બાદ રોડ પર જ દોડધામ મચી ગઈ હતી, આસપાસના લોકો ઘટનાસ્થળની નજીક પહોંચે તે પહેલાં સલમા હુમલો કરીને ભાગી છૂટી હતી. ચાર ઘાયલ થયા હતાં તેમાં ત્રણને સામાન્ય સારવાર બાદ રજા આપી દેવામાં આવી છે જ્યારે ગળા પર ચાકુના ઘા ઝીંકી દેવાના કારણે અખિલ સાહુ નામના ખેલાડીની હાલત ગંભીર છે. ઘાયલ ખેલાડીના જણાવ્યા મુજબ તેમની સાથે રમવાની મનાઈ કરવાના મુદ્દે સલમા ભડકી હતી અને ત્રણ સાથીદારો સહિત તેણે અન્ય ખેલાડીઓ પર હુમલો કરી દીધો હતો.**

## સમાચાર ઝલક

- **પોરબંદર-કુતીયાણામાં ૧૧ ઇંચ વરસાદ ખાબક્યો, જનજીવન અસ્તવ્યસ્ત.**
- **ઠંડા પાણીથી સ્નાન કરતાં વૃદ્ધાવસ્થા મોડી આવે છે : એક સંશોધન...**
- **સટ્ટાના કેસમાં પોલીસની સબળ રજૂઆત ન હોવાને કારણે ટીકા કરતી સુપ્રીમ કોર્ટ, ૧૭ સટ્ટાખોરોને જામીન મળ્યા, મકોકા લગાવવા બદલ ખુસાલો માગ્યો.**
- **રૂપિયો તૂટતો જતો હોવા છતાં કોઇ ચિંતાનું કારણ નથી - નાણામંત્રીની હૈયાધારણ.**
- **માથા પર થતી કોઇ પણ ઇજા કે સોજાની સારવાર તાત્કાલિક કરાવવી જોઇએ : તબીબી અભિપ્રાય.**
- **ગુજરાત પોલીસ ૨ કરોડનાં અશ્વો ખરીદશે.**
- **આજે દેશભરમાં મહારાણા પ્રતાપની જન્મજયંતિ નિમિત્તે શોભાયાત્રા નીકળશે.**
- **ભારત સંચાર નિગમની તા. ૧૨મી જૂને અચોક્કસ મુદ્તની હડતાળ મુલત્વી, તેઓની માંગણીઓ પર સરકાર વિચાર કરશે.**
- **મેક્સિકોમાં પ્રદૂષણના વિરોધમાં નગ્ન સાઇકલ રેલી યોજાઇ.**
- **બેન્કો સરકારની સીધી સબસીડી યોજના નિષ્ફળ બનાવે તેવી શક્યતા.**
- **કસ્તુરબા ગાંધી અમદાવાદ, જગ્યાએ તોડફોડ કરનાર સામે ફરિયાદ.**
- **પ્રાંતિજ રેલ્વે સ્ટેશનના રેલ આંદોલનનો લોકશાહી વિજય, માંગણી સંતોષાશે.**
- **દેશમાં સોનાની વધતી આયાત સામે રિઝર્વ બેંક સરકાર પરેશાન.**
- **કાપડ બજારમાં નાણાં ભીડને કારણે ખરીદીનો અભાવ.**
- **સુરેન્દ્રનગરમાં ચોરી કરવા ગયેલા તસ્કરો સાયરન વાગતાં નાસી ગયા...**
- **ઝિંદાલ કંપની ઉપર કોલસા કૌભાંડ અર્થે સીબીઆઇના દરોડા.**
- **લંડનમાં પણ હવામાનમાં પલટો, વરસાદી વાતાવરણ.**

## પોલીસને ઠાર માર્યા બાદ આત્મહત્યા કરતાં ચકચાર

નવીદિલ્હી,તા.૧૧

ચેઈન સ્નેચિંગ કરીને ભાગી રહેલાં એક ચોરનો પીછો કરી રહેલી પોલીસે બદમાશની ગોળીનો સામનો કરવો પડ્યો હતો. ભાગી રહેલાં ચોરે પોતાનાં બચાવમાં પોલીસ કોન્સ્ટેબલ પર ફાયરીંગ કર્યું હતું અને ત્યારપછી એક ફ્લેટમાં ઘુસી ગયો હતો પરંતુ પોલીસે તેને ઘેરી લઈ આત્મસમર્પણ કરવા ચેતવણી આપી હતી પરંતુ બદમાશે ફરી પોલીસ તરફ બે વખત ફાયરીંગ કરી પોતાનાં લમણે ગોળી મારી દીધી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ બદમાશનું ત્યાં જ મોત થયું હતું જ્યારે કોન્સ્ટેબલની હાલત ગંભીર જણાવાઈ રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ જે બદમાશે પોતાને ગોળી મારી આત્મહત્યા કરી હતી તે ૨૫ વર્ષીય કુલદીપ બાકનેરનો નિવાસી છે.

## 'યે જવાની...'ની ઊજવણી દીપિકાએ રણવીર સાથે કરી

મુંબઈ,તા.૧૧

'યે જવાની હૈ દિવાની' દીપિકા પાદુકોણની કેરિયર માટે સૌથી હિટ ફિલ્મ સાબિત થઈ છે. માત્ર ૧૧ દિવસમાં જ ફિલ્મે ૧૪૧.૮૬ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. દીપિકા માટે અત્યારે જીવનનો સારામાં સારો સમય છે. તે પોતાના જીવનનો ભરપુર આનંદ ઉઠાવી રહી છે. હજી તેનાં ખાતામાં સંજય લીલા ભણસાલીની 'રામલીલા' અને શાહરૂખ ખાન સાથેની 'ચૈન્નઈ એક્સપ્રેસ' છે. જો બંને ફિલ્મો હિટ જશે તો દીપિકાને નંબર વન હિરોઈનનાં સ્થાને પહોંચતા કોઈ અટકાવી શકશે નહીં. કારણ કે સતત ત્રણ ફિલ્મો કોઈ અભિનેત્રીએ હિટ આપી હોય તેવું ઘણું ઓછું બન્યું છે. તાજેતરમાં દીપિકાએ પોતાના ઘરે ફિલ્મની ઉજવણી કરવા માટે શાનદાર પાર્ટીનું આયોજન કર્યું હતું. પાર્ટીમાં તેણે ઘણાં લોકોને બોલાવ્યા હતા. થોડા દિવસો અગાઉ તે એક રેસ્ટોરન્ટમાં રણવીર સિંહ સાથે ડિનર કરતી જોવા મળી હતી. આજકાલ રણવીર સિંહ અને દીપિકાની નિકટતા ઘણી વધી રહી છે. બંને ભણસાલીની 'રામલીલા' નામની ફિલ્મમાં કામ કરી રહ્યા છે.

જો કે ફિલ્મનો હિરો હોવાનાં સંબંધે દીપિકાએ રણબીર કપુર સાથે ફિલ્મની ઉજવણી કરવાનાં બદલે રણવીર સિંહને મહત્વ આપ્યું. જ્યારથી રામલીલાનું શુટીંગ શરૂ થયુ છે ત્યારથી બંને વચ્ચે કંઈક હોવાની અફવાઓ સતત ઉડી રહી છે.

## સુરજને ૧૩ જૂન સુધી જ્યુડિ. કસ્ટડીમાં મોકલવામાં આવ્યો

મુંબઈ,તા.૧૧

ઝિયા ખાને કરેલી આત્મહત્યાનાં મામલે પોલીસે આદિત્ય પંચોલીનો પુત્ર સુરજ પંચોલીની ધરપકડ કરીનેતેને ૧૩ જૂન સુધી જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલી દીધો છે. ઝિયાએ લખેલા છ પાનાનાં સુસાઈડ નોટને કારણે સુરજ પંચોલી પર પગલાં ભરવામાં આવ્યા છે, જો કે સુરજની માતા ઝરીના વહાબે તેનો સંપૂર્ણ બચાવ કરતાં જણાવ્યું હતું કે ઝિયાએ લખેલો પત્ર જુનો છે. સુરજ પર ઝિયાને આત્મહત્યા કરવા માટે ઉશ્કેરવાનો આરોપ છે.

પોલીસ તેની જ્યુડિશીયલ કસ્ટડીમાં પુનઃ પુછપરછ કરશે. ઝિયા ખાનની આત્મહત્યાનાં મામલે સુરજ પર ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

રાબિયાનો દાવો છે કે પત્ર ઝિયાએ જ લખ્યો છે. ઝિયાએ લખેલો પત્ર તેની માતા ઝિયાએ લખેલી કવિતા તેની પ્રાર્થના બેઠકમાં વાંચવા માટે શોધી રહી હતી ત્યારે મળ્યો હતો. જ્યારે લોકોનું કહેવુ છે કે બોલીવુડમાં ઝિયાની કેરિયર આગળ નહીં વધવાને કારણે તે હતાશ થઈ ગઈ હતી, પરંતુ હકીકત એ છે કે સુરજ તરફથી આપવામાં આવેલી પીડાને કારણે ઝિયાએ આત્મહત્યા કરી છે. ઝિયા ખાનની માતા રાબિયા ખાનનું કહેવું છે કે સલમાનની ફિલ્મ મળ્યા બાદ સુરજ પંચોલી છેલ્લા કેટલાય દિવસથી બદલાઈ ગયેલો લાગતો હતો. તેણે ઝિયાથી અંતર રાખવાની શરૂઆત કરી દીધી હતી. તેણે કારણે ઝિયા ઘણી દુઃખી રહેવા લાગી હતી. તે સુરજને ઘણું ચાહતી હતી. આત્મહત્યા કરવાનાં થોડા સમય પહેલા સુરજે ઝિયાને બુકે મોકલ્યો હતો. ઝિયાએ તે બુકે લાવનાર વ્યક્તિને જ પાછો આપી દીધો હતો. આ ઘટના બાદ ઝિયા અત્યંત તુટી ગઈ હતી અને તેણે આત્મહત્યા કરી લીધી હતી.

આદિત્ય પંચોલીની ઈચ્છા હતી કે તેનો પુત્ર પ્રેમનાં ચક્કરમાં ન ફસાય પરંતુ પોતાની કેરિયાર પર ધ્યાન આપે. કારણ કે સલમાન દ્વારા ફિલ્મમાં લોન્ચ થવાની તક વારંવાર મળતી નથી. શક્ય છે કે આદિત્યને તેના પુત્રનાં સંબંધ અંગે કંઈ જાણ ન હોય પરંતુ ઝિયાની માતા જાણતી હતી કે ઝિયા સુરજનાં બાળકની માતા બનનાર છે અને ઝિયાએ એબોર્શન પણ કરાવી લીધું હતું. તો પછી પોલીસે સુરજને કેમ પકડ્યો તેનો કોઈ જવાબ આદિત્યા પાસે નથી.